પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૮) અંક નં. ૭૩ | ૨૩ મે, ૨૦૨૩, મંગળવાર; જેઠ સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# અમદાવાદમાંથી અલકાયદાના ચાર પ્રચારકો ઝડપાયા

**અમદાવાદ રહી અલકાયદાનો પ્રચાર કરતા ચાર બાંગ્લાદેશીઓ ઝડપાયા : ગુજરાત એટીએસનું રથયાત્રા પહેલાં આતંકવાદી વિરૂદ્ધ ઓપરેશન : રથયાત્રા પહેલાં આ ગેંગ મોટી ઘટનાને અંજામ આપે તે પહેલાં જ એટીએસએ આ ષડયંત્રનો પર્દાફાશ કર્યો, ગુજરાતના યુવાનોને કટ્ટરપંથી બનાવવાનું ષડયંત્ર**



અમદાવાદ, તા.૨૨

ગુજરાત એટીએસએ રથયાત્રા પહેલાં જ બોગસ આઈડી પ્રુફથી અમદાવાદમાં રહીને આતંકી સંગઠન અલકાયદાનો પ્રચાર પ્રસાર કરતાં ચાર બાંગ્લાદેશીઓને ઝડપી પાડ્યા છે. તે ઉપરાંત અન્ય કેટલાક આરોપીઓ એટીએસની કસ્ટડીમાં હોવાની વિગતો પણ સામે આવી છે. બાંગ્લાદેશમાં બેઠેલા માસ્ટરમાઈન્ડના આદેશથી ગુજરાતના યુવાનોને કટ્ટરપંથી બનાવવાનું ષડયંત્ર ચાલતું હતું. તે ઉપરાંત આતંકવાદ માટે વિદેશમાંથી ભંડોળ એકત્ર કરવાના પણ કેટલાક પુરાવા એટીએસના હાથે લાગ્યા હોવાની માહિતી મળી છે. રથયાત્રા પહેલાં જ આ ગેંગ કોઈ મોટી ઘટનાને અંજામ આપે તે પહેલાં જ એટીએસએ આ ષડયંત્રનો પર્દાફાશ કર્યો છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગુજરાત એટીએસને ગુપ્ત માહિતી મળી હતી કે, સોજીબમીયાં, આકાશખાન, મુન્નાખાન અને અબ્દુલ લતિફ નામના બાંગ્લાદેશી માણસો ગેરકાયદેસર રીતે ભારતમાં ઘૂસણખોરી કરી બોગસ આઈડી પ્રુફ બનાવી હાલમાં અમદાવાદના ઓઢવ અને નારોલ વિસ્તારમાં રહે છે. આ ચારેય ઈસમો પ્રતિબંધિત આતંકવાદી સંગઠન અલકાયદા સાથે જોડાયેલા છે. તેઓ મુસ્લિમ

● અનુસંધાન પાન-૭ પર

# નરેન્દ્ર મોદીને પાપુઆ ન્યુ ગિની અને ફિજીએ સર્વોચ્ચ સન્માનથી નવાજ્યા

**મોદીને 'કમ્પેનિયન ઓફ ધ ઓર્ડર ઓફ ફિજી', 'ધ ગ્રાન્ડ કમ્પેનિયન ઓફ ધ ઓર્ડર ઓફ લોગોહુ'થી સમ્માનિત કરાયા**



નવી દિલ્હી, તા.૨૨

પીએમ મોદીએ વિશ્વભરમાં ભારતનો ડંકો વગાડ્યો છે ત્યારે ઘણા દેશોએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પોતાના દેશના સર્વોચ્ચ સન્માનથી સન્માનિત કરી રહ્યા છે. પીએમ મોદી જાપાના સહિતના દેશોના પ્રવાસે છે ત્યારે પાપુઆ ન્યુ ગિની અને ફિજી બંનેએ પીએમ મોદીને તેમના દેશના સર્વોચ્ચ સન્માનથી નવાજ્યા છે. ફિજીએ પીએમ મોદીને 'કમ્પેનિયન ઓફ ધ ઓર્ડર ઓફ ફિજી'થી સન્માનિત કર્યા. યજમાન દેશ પાપુઆ ન્યુ ગિનીએ પીએમ મોદીને સર્વોચ્ચ સન્માન 'ધ ગ્રાન્ડ કમ્પેનિયન ઓફ ધ ઓર્ડર ઓફ લોગોહુ'થી નવાજ્યા છે.

પીએમ મોદી જાપાનથી સીધા પાપુઆ ન્યુ ગિની પહોંચ્યા છે. અહીં તેમણે ત્રીજા ઈન્ડો-પેસિફિક આઈલેન્ડ કોઓપરેશન શિખર સમ્મેલનમાં હાજરી આપી હતી.

પાપુઆ ન્યુ ગિનીના પ્રધાનમંત્રી જેમ્સ મરાપે સાથે કોન્ફરન્સની સહ-અધ્યક્ષતા કરતાં પીએમ નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, તેઓ એક વિશ્વસનીય ભાગીદારના રૂપમાં ભારતને જોઈ શકે છે. તેમણે મારાપેને તમામ શક્ય મદદની ખાતરી પણ આપી હતી.

એફઆઈપીઆઈસીની શરૂઆત ૨૦૧૪માં મોદીની ફિજીની મુલાકાત દરમિયાન કરવામાં આવી હતી. આ સમિટ એવા સમયે થઈ રહી છે જ્યારે ચીન આ ક્ષેત્રમાં પોતાનો સૈન્ય અને રાજનીતિક પ્રભાવ વધારવાના પ્રયાસો કરી રહ્યો છે.

# સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ ડાઉન

**૧ લાખ ૮૦ હજારથી વધુ યુઝર્સે કરી ફરિયાદ : કંપનીએ અસરગ્રસ્ત વપરાશકર્તાઓની સંખ્યા જાહેર કરી નથી : આઉટેજ ટ્રેકિંગ વેબસાઈટ અનુસાર, અમેરિકામાં ૧ લાખથી વધુ, કેનેડામાં ૨૪ હજાર અને યુકેમાં ૫૬ હજારથી વધુ ઘટનાઓ બની છે**

નવી દિલ્હી, તા.૨૨

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ Instagram ડાઉન થઈ ગયું, જેના કારણે ૧ લાખ ૮૦ હજારથી વધુ વપરાશકર્તાઓએ આઉટેજની ટોચ પર પહોંચવાની ફરિયાદ કરી. મેટા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ અનુસાર, કંપનીને ખબર પડી કે કેટલાક લોકોને એપ એક્સેસ કરવામાં મુશ્કેલી આવી રહી હતી, જેના કારણે મોટી સંખ્યામાં લોકોએ ફરિયાદ નોંધાવી હતી. જો કે, કંપનીએ અસરગ્રસ્ત વપરાશકર્તાઓની સંખ્યા જાહેર કરી નથી. આઉટેજ ટ્રેકિંગ વેબસાઈટ Down Dªector.com અનુસાર, યુએસમાં ૧ લાખથી વધુ લોકોએ, કેનેડામાં ૨૪ હજાર અને યુકેમાં ૫૬ હજાર લોકોએ આ અંગે જાણ કરી હતી. કંપનીના પ્રવક્તાએ ઈ-મેલ દ્વારા આઉટેજ વિશે જણાવ્યું કે અમે શક્ય તેટલી વહેલી તકે વસ્તુઓને સામાન્ય બનાવવા માટે કામ કરી રહ્યા છીએ અને કોઈપણ અસુવિધા માટે અમે દિલગીર છીએ. આઉટેજ ટ્રેકિંગ વેબસાઈટ ડાઉન ડિટેક્ટર. કોમ અનુસાર, ૧ લાખ ૮૦ હજાર યુઝર્સે ઈન્સ્ટાગ્રામ એક્સેસ કરવા માટે ડાઉનની ફરિયાદ કરી હતી. વેબસાઈટ અનુસાર, આ આઉટેજ પાછળનું કારણ ટેક્નિકલ સમસ્યા હોઈ શકે છે, જેના કારણે લોકોને એપ એક્સેસ કરવામાં મુશ્કેલી પડી હતી, જોકે અમે આ સમસ્યાને ઉકેલવા માટે સતત કામ કરી રહ્યા છીએ. Instagram લગભગ 1745 ET થી વપરાશકર્તાઓ માટે ડાઉન હતું. એક લાખ ૮૦ હજારથી વધુ યુઝર્સે આ સમસ્યા અંગે ફરિયાદ કરી હતી.

ઈન્સ્ટાગ્રામ યુઝર્સનું કહેવું છે કે તેમને ઈન્સ્ટાગ્રામ એક્સેસ કરવામાં ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો હતો અને જો ગ્લોબલ લેવલની વાત કરીએ તો મોટાભાગના અમેરિકન યુઝર્સે ફરિયાદ નોંધાવી હતી અને અહીં યુઝર્સની સંખ્યા એક લાખથી વધુ હતી.

# હવે, મતદાન બાદ એ.આઈ પર આધારિત લેઝર ચિહ્નનો ઉપયોગ થશે

**બોગસ મતદાન રોકવા ચૂંટણી પંચ દ્વારા નવો પ્રયોગ : આ વર્ષે યોજાનાર પાંચ રાજ્યની વિધાનસભા ચૂંટણીમાં પણ આ નવી પ્રણાલી લાગુ કરવામાં આવી શકે**

નવી દિલ્હી, તા.૨૨

બોગસ મતદાન રોકવા માટે ચૂંટણી પંચ દ્વારા એક નવો પ્રયોગ કરવામાં આવનાર છે. મતદાન બાદ આંગળી પર ઈંક્રની જગ્યાએ લેઝર ચિન્હનો ઉપયોગ કરવામાં આવશે. આ ટેક્નીક આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એટલે કે એ.આઈ. પર આધારિત હશે. સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ આ વર્ષે યોજાનાર પાંચ રાજ્યની વિધાનસભા ચૂંટણીમાં પણ આ નવી પ્રણાલી લાગુ કરવામાં આવી શકે છે. લેઝરથી બનાવવામાં આવેલ ચિન્હ લાંબા સમય સુધી રહે છે. તેને મટાવવું લગભગ અશક્ય છે એવો દાવો કરવામાં આવી રહ્યો છે. એટલું જ નહીં પણ ઈવીએમમાં કેમેરા પણ બેસાડવામાં આવશે જે મતદારનો ફોટો પાડશે એવી સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ નવી પદ્ધત્તિના ઉપયોગને કારણે ઈંક્રનો ઉપયોગ કાયમ માટે બંધ થઈ શકે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે મતદાન વખતે તે ઈંક્રનો ઉપયોગ કરવામાં આવે છે તે ખૂબ મોંઘી હોય છે. આ ઈંક્રમાં ચાંદીવાળું સિલ્વર નાયટ્રેટ નામનું રસાયણ વાપરવામાં આવે છે. ચાંદીનો ઉપયોગ થતો હોવાથી આ ઈંક્ર ખૂબ જ મોંઘી પડે છે. ૨૦૦૯માં ૨૦ લાખ ઈંક્ર બોટલ વપરાઈ હતી જ્યારે ૨૦૧૪માં ૨૧.૫ લાખ ઈંક્ર બોટલ અને ૨૦૧૯માં ૨૬ લાખ ઈંક્ર બોટલ વપરાઈ હતી. ત્યારે આ નવી ટેક્નીકને કારણે ચૂંટણી પંચ પર આવનાર આ મોટો ખર્ચ ઓછો થઈ જશે તેવી શક્યતાઓ વર્તાઈ રહી છે.

લેઝર સ્પોટના ઉપયોગને કારણે બોગસ મતદાન રોકી શકાશે તેવો દાવો કરવામાં આવી રહ્યો છે. લેઝર સ્પોટ કર્યા બાદ જો એ વ્યક્તિ ફરી મતદાન માટે આવે તો તે પકડાઈ જશે. બીજી તરફ ઈવીએમમાં બેસાડવામાં આવનાર કેમેરા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની ટેક્નીકને કારણે ફરી મતદાન કરવા આવેલ વ્યક્તીને ઓળખી કાઢી ચૂંટણી અધિકારીને તે અંગેનું એલર્ટ મોકલશે.

# ઈમ્ફાલમાં ફરી હિંસા, સેના બોલાવાઈ

**શાંત માહોલ બાદ ફરી બે સમુદાયો વચ્ચે અથડામણ : ઈમ્ફાલના ન્યૂ ચાકોનમાં મેઇતેઈ અને કુકી સમુદાયો વચ્ચે સ્થાનિક બજારમાં એક જગ્યાને લઈને ઝઘડા બાદ અથડામણ : કર્ફ્યું લદાયો**



ઈમ્ફાલ, તા.૨૨

દેશના પૂર્વોત્તર રાજ્ય મણિપુરની રાજધાની ઈમ્ફાલમાં ફરી હિંસા ભડકી ઉઠી છે. પરિસ્થિતિને જોતા શહેરમાં ફરી કર્ફ્યુ લાદવામાં આવ્યો છે અને સેનાને પરત બોલાવવામાં આવી છે. હિંસાગ્રસ્ત શહેરમાં ઘણા દિવસો સુધી શાંત માહોલ બાદ આજે બપોરે ફરીથી બે સમુદાયો વચ્ચે અથડામણ થઈ હતી.

સૂત્રો દ્વારા એવું કહેવામાં આવ્યું છે કે, રાજ્યની રાજધાની ઈમ્ફાલના ન્યૂ ચાકોન વિસ્તારમાં મેઈતેઈ અને કુકી સમુદાયો વચ્ચે આજે બપોરે ઝઘડો થયો હતો. સ્થાનિક બજારમાં એક જગ્યાને લઈને બે સમુદાયો વચ્ચે અથડામણ શરૂ થઈ હતી, જેણે થોડી જ વારમાં ભયંકર વળાંક લીધો હતો. વિસ્તારમાં આગચંપી શરૂ થઈ ગઈ. આવા અહેવાલો મળ્યા બાદ પ્રશાસને રાજધાનીમાં કર્ફ્યુ જાહેર કરી દીધો છે.

મણિપુર ઘણા મુદ્દાઓને કારણે એક મહિનાથી વધુ સમયથી સંઘર્ષનો સામનો કરી રહ્યું છે. આ મહિનાની શરૂઆતમાં, આદિવાસીઓએ અનુસૂચિત

● અનુસંધાન પાન-૭ પર

# સપ્તાહમાં એકવાર ઉજ્જૈનવાસી ભસ્મ આરતીના નિઃશુલ્ક દર્શન કરી શકશે

ભોપાલ, તા.૨૨

ઉજ્જૈન શહેરમાં છેલ્લા ઘણા દિવસોથી મહાકાલ મંદિરમાં સશુલ્ક દર્શન વ્યવસ્થાનો આકરો વિરોધ કરવામાં આવી રહ્યો છે. પરંતુ આ સૌની વચ્ચે એક સારા સમાચાર આવ્યા છે કે હવે ઉજ્જૈનવાસીઓને અઠવાડિયામાં એક વખત નિઃશુલ્ક ભસ્મ આરતીના દર્શન કરાવવામાં આવશે, જેના માટે ટૂંકમાં જ સપ્તાહનો દિવસ, શ્રદ્ધાળુઓની સંખ્યા, તારીખ નક્કી થવાની છે.

જય સીયારામ

સુંદરકાંડ તથા ભક્તિસંગીતના કાર્યક્રમો કરવા માટે

સંપર્ક કરો

હાર્દિક ઠાકર

(સંગીત વિશારદ)

મો. ૯૮૨૫૧ ૮૮૩૫૮

મો. ૬૩૫૯૧ ૧૦૧૧૨

# ૨૦૦૦ની નોટ પરના પ્રતિબંધને સમસ્યા ન ગણો : શક્તિકાંત દાસ

**RBIએ તમામ બેંકોને દરરોજ જમા કરવામાં આવતી ૨૦૦૦ રૂપિયાની નોટોનો ડેટા જાળવી રાખવા સૂચના આપી**

નવી દિલ્હી, તા.૨૨

રૂપિયા ૨૦૦૦ની નોટ બંધ કરવાને લઈ આરબીઆઈના ગવર્નર શક્તિકાંત દાસે મોટું નિવેદન આપ્યું છે. ૨૦૦૦ રૂપિયાની નોટો બંધ કરવા પર આરબીઆઈગવર્નર શક્તિકાંત દાસે કહ્યું કે, આરબીઆઈનો ૨૦૦૦ રૂપિયાની નોટ લાવવાનો હેતુ પૂરો થઈ ગયો છે.

મુંબઈમાં આરબીઆઈગવર્નર શક્તિકાંત દાસે ૨૦૦૦ રૂપિયાની નોટ પાછી ખેંચવા પર કહ્યું કે, ચાર મહિનાનો સમય આપવામાં આવ્યો છે અને લોકો સરળતાથી નોટ બદલી શકે છે, તમે આરામથી નોટ બદલી શકો છો. નોટો બદલવા માટે પુષ્કળ સમય છે. જૂની નોટો બદલવા માટે લાદવામાં આવેલા પ્રતિબંધને સમસ્યા ન ગણો.

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ તમામ બેંકોને દરરોજ જમા કરવામાં આવતી ૨૦૦૦ રૂપિયાની નોટોનો ડેટા જાળવી રાખવા સૂચના આપી છે. આરબીઆઈદ્વારા ૨૨ મેના રોજ આ સંબંધિત સૂચનાઓ જારી કરવામાં આવી છે.

શક્તિકાંત દાસે કહ્યું કે, ૨૦૦૦ રૂપિયાની નોટોને બંધ કરવાનો નિર્ણય ક્લીન નોટ પોલિસી હેઠળ લેવામાં આવ્યો છે. આરબીઆઈગવર્નરે કહ્યું છે કે, ૨૦૦૦ રૂપિયાની નોટો બદલવાની સંપૂર્ણ તૈયારીઓ કરી લેવામાં આવી છે. ૨૩ મેથી, અન્ય મૂલ્યો સાથે ૨,૦૦૦ રૂપિયાની નોટ બદલવાની મર્યાદા કોઈપણ બેંકમાં એક સમયે ૨૦,૦૦૦ રૂપિયા સુધીની રહેશે. ઉપરાંત તેમણે જણાવ્યું કે, અમે નોટો બદલવામાં આવતી મુશ્કેલીઓ પર સતત નજર રાખી રહ્યા છીએ.

# ટ્રેન મુસાફરોને લેવા માટે આશરે એક કિમી પરત ફરી

**લો બોલો! ટ્રેન સ્ટોપ ચૂકી ગઈ : વેનાડ એક્સપ્રેસ થોડા અંતર દૂર ગઈ હતી અને તેથી તેને સ્ટેશન સુધી લગભગ ૭૦૦ મીટર પાછા આવવું પડ્યું હતું**




કોચી, તા.૨૨

ફિલ્મ 'દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે'ના અંતમાં પિતા ચૌધરી બલદેવ સિંહ આખરે માની જાય છે અને દીકરી સિમરનને તેના પ્રેમી રાજ સાથે જવાની મંજૂરી આપે છે. આ સીન રેલવે સ્ટેશન પર શૂટ થયો હતો. જો ફિલ્મમાં રાજ અને સિમરનને કેરળમાં વેનાડ એક્સપ્રેસની રાહ જોતા દેખાડવામાં આવ્યા હોય તો ક્લાઈમેક્સ કંઈક અલગ જ હોત અને કહાણી પાટા પરથી ઉતરી ગઈ હોત. ૧૯૯૫માં આ બ્લોકબસ્ટર આઈકોનિક સીનથી તદ્દન વિપરીત ઘટના રવિવારે બની હતી, જ્યાં ટ્રેન એક સ્ટેશન ચૂકી ગઈ હતી અને મુસાફરો તેમજ રેલવે અધિકારીઓના આશ્ચર્યની વચ્ચે એક કિમી રિવર્સ પરત ફરી હતી. અલાપ્પુઝાના ચેરિયાનાડ સ્ટેશન પર રાહ જોઈ રહેલા મુસાફરોમાં રાજ અને સિમરન જેવા કોઈ ભાગી ગયેલા પ્રેમીઓ હતા કે નહીં તે જાણી શકાયું નથી, પરંતુ ટ્રેન જે રીતે રિવર્સમાં પરત ફરી તે કોઈ ફિલ્મના ડ્રામેટિક સીન કરતાં ઓછું નહોતું. આ દ્રશ્ય સવારે ૭.૪૫ વાગ્યાની આસપાસ સર્જાયું હતું જ્યારે તિરુવનંતપુરમથી ૧૬૩૦૨ વેનાડ એક્સપ્રેસ મોટા માવેલિકારા અને ગન્નુર સ્ટેશનો વચ્ચેના 'ડી-ગ્રેડ સ્ટેશન' ચેરિયાનાડ પાસે પહોંચી હતી. ચેરિયાનાડ માત્ર એક હોલ્ટ સ્ટેશન હોવાથી ત્યાં કોઈ સિગ્નલ નથી. સિગ્નલ ફક્ત બ્લોક (મોટા) સ્ટેશનો પર જ ઉપલબ્ધ છે. કદાચ લોકો પાયલોટ (ડ્રાઈવરો) દ્વારા કોઈ ભૂલ થઈ હશે. જ્યારે ટ્રેન કેટલાક મીટર આગળ ગઈ ત્યારે તેમના ધ્યાનમાં આ વાત આવી હશે', તેમ એક રેલ અધિકારીએ જણાવ્યું હતું. ટ્રેનને એક ઝટકા

● અનુસંધાન પાન-૭ પર

# બલિયામાં ૪૦ લોકોથી ભરેલી નૌકા ગંગામાં પલટતાં ૪નાં મોત

બલિયા, તા.૨૨

ઉત્તર પ્રદેશના બલિયામાં એક મોટી દુર્ઘટના સર્જાઈ છે ત્યાં ૪૦ લોકોથી ભરેલી નૌકા ગંગા નદીમાં પલટી ગઈ છે. આ દુર્ઘટનાંમા ૪ લોકોના મોત થઈ ગયા છે અને બે ડઝનથી વધુ લોકો લાપતા હોવાની માહિતી મળી રહી છે. કેટલાક લોકો સ્વિમિંગ કરીને બહાર આવી રહ્યા છે. વહીવટી તંત્રએ રેસ્ક્યુ ઓપરેશન હાથ ધર્યું છે. આજે સવારે બલિયામાં બોટ અકસ્માત સર્જાયો હતો. ત્યાં ગંગા નદીમાં માલદેપુર ઘાટથી જઈ રહેલી એક નૌકા નદીની વચ્ચે પલટી ગઈ હતી. આ દુર્ઘટનામાં ચાર લોકોના મોત થઈ ગયા છે.

**ધી ગાંધીનગર નાગરિક કો.ઓપ. બેંક લિ.**

રજિ. ઓફિસ : પ્લોટ નં. ૩૯૧ ઘ-૪ાા, સેક્ટર-૧૬, ગાંધીનગર-૩૮૨૦૧૬
Telephone No. 079-23221985/47215/47216
Website : www.gncb.co.in || Email : info@gncb.co.in

**બેંકના સભાસદ જોગ**

આથી બેંકના સર્વે સભાસદશ્રીઓને જણાવવાનું કે, તા. ૨૮/૩/૨૦૨૩ના રોજ 'બેંકના સભાસદ જોગ - જાહેર નોટિસ' ગુજરાત સમાચાર દૈનિકની મુખ્ય આવૃત્તિમાં પ્રસિદ્ધ થયેલ છે. બેંકના પેટા કાયદા, ઠરાવો અને લવાદી દાવા નં. ૧૬/૨૦૨૩ના હુકમનામા મુજબ જે સભાસદો બેંકના કાર્યક્ષેત્રમાં રહેતા હોય તેઓએ તેમના KYC ના પૂરાવા તા. ૩૦/૬/૨૦૨૩ સુધીમાં બેંકની નજીકની શાખામાં નિયત ફોર્મ ભરીને રજૂ કરવાના રહેશે તથા જે સભાસદો અવસાન પામેલા છે તેમના અવસાન અંગેનું પ્રમાણપત્ર બેંકમાં ઉપર આપેલ સમય મર્યાદામાં રજૂ કરી શેરના નાણા પરત મેળવી લેવાના રહેશે. ઉપર જણાવેલ સમય મર્યાદામાં KYCના પૂરાવા રજૂ ન કરનાર સભાસદને બેંકના રેકર્ડ ઉપરથી દૂર કરવા તથા બેંકના સભાસદના ભોગવતા હક્કો અંગે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આથી તાકીદે KYC પૂરા પાડવા તમામ સભાસદોને આ નોટીસથી જાણ કરીએ છીએ.

**નોંધ :** જે સભાસદો બેંકમાં ખાતુ ધરાવતા હોય અને ખાતામાં KYC કરાવેલ હોય તો તેઓએ ઉપરોક્ત KYC પ્રક્રિયા કરવાની રહેતી નથી.

કસ્ટોડિયન કમિટી
ધી ગાંધીનગર નાગરિક કો.ઓપ. બેંક લિ.